# Gujarat Panchayat Service Selection Board

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

~~~~ જાહેરાત ક્રમાંકઃ-૧૭/૨૦૨૫-૨૬ વર્ક આસીસ્ટન્ટ વર્ગ-૩ અંગેની વિગતવાર સૂચનાઓ ~~~

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gpssb.gujarat.gov.in )

---

**૧.** ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર (હવે પછી "મંડળ" તરીકે ઉલ્લેખ કરેલ છે.) દ્વારા પંચાયત સેવાની વર્ક આસીસ્ટન્ટ (વર્ગ-3) સંવર્ગની કુલ-994 જગ્યાઓ પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૧૭-૦૫-૨૦૨૫ (બપોરના ૧૫-૦૦ કલાક) થી તા.૧૦-૦૬-૨૦૨૫ (સમય રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ સામાન્ય વર્ગ(જનરલ કેટેગરી)ના ઉમેદવારોએ પરીક્ષા ફી ₹ ૧૦૦/- + સર્વિસ ચાર્જ SBI E Pay ના માધ્યમથી ઓનલાઇન ફી ભરવા માટેની તા.૨૨-૦૫-૨૦૨૫ (બપોરના ૧૫-૦૦ કલાક) થી તા.૧૦-૦૬-૨૦૨૫ (રાત્રિના ૨૩-૫૯ કલાક) સુધી રહેશે. પરીક્ષા ફી ભરવા માટેની વધુ વિગતો પેરેગ્રાફ- ૦૪ માં દર્શાવેલ છે. જે વાંચી જવી જરુરી છે. ઉમેદવારે તાજેતરનો **Photograph (15 kb)** અને Signature (15 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે **jpg format** માં **Scan** કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે, જે ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. અરજદારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબના પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને આ અંગે ઉમેદવારોને જાણ કરાયા બાદ તેઓએ રુબરુમાં ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે, જેની દરેકે અચુક નોધ લેવી.

## ૨. ભરવાપાત્ર જગ્યાઓની વિગતઃ-

૨.૧ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:-**PRHRDD/KRT/e-fle/14/2025/1777/Section-Kh** તા.**01-05-2025** તથા પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh,** તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતા મુજબ જાહેરાત ક્રમાંકઃ ૧૭/૨૦૨૫-૨૬ વર્ક આસીસ્ટન્ટ વર્ગ-3 સંવર્ગની જિલ્લા પંચાયતવાર/કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓ નીચે મુજબ છેઃ-
~~~~

| ક્રમ | જિલ્લા પંચાયત | ભરવાપાત્ર કુલ જગ્યાઓની સંખ્યા | ભરવાપાત્ર જગ્યાઓ પૈકી કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય (જનરલ) (OC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | સા.શૈ. પછાત વર્ગ (SEBC) | અનુ. જાતિ (SC) | અનુ.જન જાતિ (ST) | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ | દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ | | | | |
| | | | | | | | | | કેટેગરી A | કેટેગરી B | કેટેગરી C | કેટેગરી D & E | કુલ |
| ૧ | અમદાવાદ | 39 | 19 | 3 | 10 | 4 | 3 | 4 | 1 | 1 | 0 | 0 | 2 |
| ૨ | અમરેલી | 39 | 22 | 3 | 11 | 3 | 0 | 4 | 1 | 1 | 0 | 0 | 2 |
| ૩ | આણંદ | 19 | 12 | 1 | 5 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 1 |
| ૪ | અરવલ્લી | 34 | 14 | 3 | 9 | 3 | 5 | 3 | 0 | 1 | 0 | 1 | 2 |
| ૫ | બનાસકાંઠા | 129 | 62 | 12 | 34 | 12 | 9 | 13 | 2 | 2 | 1 | 1 | 6 |
| ૬ | ભરુચ | 30 | 7 | 3 | 7 | 1 | 12 | 3 | 0 | 1 | 0 | 1 | 2 |
| ૭ | ભાવનગર | 54 | 32 | 5 | 14 | 3 | 0 | 5 | 1 | 1 | 1 | 0 | 3 |
| ૮ | બોટાદ | 8 | 6 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૯ | છોટાઉદેપુર | 11 | 6 | 1 | 2 | 0 | 2 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૧૦ | દાહોદ | 24 | 7 | 2 | 6 | 0 | 9 | 2 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૧૧ | દેવભૂમિ ધ્વારકા | 10 | 7 | 1 | 2 | 0 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 1 |
| ૧૨ | ડાંગ | 19 | 6 | 1 | 5 | 0 | 7 | 2 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૧૩ | ગાંધીનગર | 6 | 5 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૧૪ | ગીર સોમનાથ | 8 | 6 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 1 |
| ૧૫ | જામનગર | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૧૬ | જુનાગઢ | 14 | 9 | 1 | 3 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૧૭ | કચ્છ | 20 | 11 | 2 | 5 | 2 | 0 | 2 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૧૮ | ખેડા | 25 | 15 | 2 | 6 | 1 | 1 | 2 | 0 | 1 | 0 | 0 | 1 |
| ૧૯ | મહીસાગર | 16 | 5 | 1 | 4 | 0 | 6 | 1 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૨૦ | મહેસાણા | 45 | 25 | 4 | 16 | 0 | 0 | 4 | 1 | 1 | 0 | 0 | 2 |
| ૨૧ | મોરબી | 4 | 4 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨૨ | નર્મદા | 6 | 3 | 0 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨૩ | નવસારી | 38 | 10 | 3 | 10 | 1 | 14 | 3 | 0 | 1 | 1 | 0 | 2 |
| ૨૪ | પંચમહાલ | 37 | 10 | 3 | 9 | 1 | 14 | 3 | 0 | 1 | 0 | 1 | 2 |
| ૨૫ | પાટણ | 61 | 34 | 6 | 16 | 5 | 0 | 6 | 1 | 1 | 1 | 0 | 3 |
| ૨૬ | પોરબંદર | 6 | 5 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨૭ | રાજકોટ | 40 | 24 | 4 | 10 | 2 | 0 | 4 | 0 | 1 | 1 | 0 | 2 |
| ૨૮ | સાબરકાંઠા | 53 | 21 | 5 | 14 | 4 | 9 | 5 | 1 | 1 | 1 | 0 | 3 |
| ૨૯ | સુરત | 36 | 9 | 3 | 9 | 1 | 14 | 3 | 1 | 1 | 0 | 0 | 2 |
| ૩૦ | સુરેન્દ્રનગર | 52 | 28 | 5 | 14 | 5 | 0 | 5 | 1 | 1 | 1 | 0 | 3 |
| ૩૧ | તાપી | 18 | 6 | 1 | 4 | 0 | 7 | 1 | 1 | 0 | 0 | 0 | 1 |
| ૩૨ | વડોદરા | 30 | 10 | 3 | 8 | 2 | 7 | 3 | 1 | 0 | 1 | 0 | 2 |
| ૩૩ | વલસાડ | 62 | 15 | 6 | 16 | 1 | 24 | 6 | 0 | 2 | 1 | 0 | 3 |
| કુલ | | **994** | **456** | **84** | **256** | **53** | **145** | **88** | **18** | **19** | **11** | **4** | **52** |

૨.૨ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.

૨.3 પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-fle/14/2025/1777/Section-Kh** તા.**01-05-2025** તથા પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh,** તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતા મુજબ ભરવાપાત્ર 994 જગ્યાઓ પૈકી કુલ 52 જગ્યા શારીરીક અશક્તતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટે અનામત છે. જે સંબધિત કેટેગરી(GENERAL,EWS, SC,ST,SEBC)સામે સરભર કરવામાં આવશે.

૨.૪ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-fle/14/2025/1777/Section-Kh** તા.**01-05-2025** તથા પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh,** તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતા મુજબ આ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે 88 જગ્યાઓ અનામત રાખવામાં આવશે. જે સંબધિત કેટેગરી(GENERAL,EWS, SC,ST,SEBC)સામે સરભર કરવામાં આવશે.

૨.૫ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-fle/14/2025/1777/Section-Kh** તા.**01-05-2025** તથા પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh,** તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતામાં દર્શાવ્યા મુજબ 994 જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ નીચે મુજબ છેઃ-

| | |
|---|---|
| સામાન્ય વર્ગની મહિલા માટે અનામત જગ્યાઓ | -- 144 |
| આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ની મહિલા માટે અનામત જગ્યાઓ | -- 25 |
| સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)ની મહિલાઓ માટે અનામત જગ્યાઓ | -- 78 |
| અનુસુચિત જાતિ (SC) કેટેગરીની મહિલાઓ માટે અનામત જગ્યાઓ | -- 14 |
| અનુસુચિત જન જાતિ (ST) કેટેગરીની મહિલાઓ માટે અનામત જગ્યાઓ | -- 45 |

૨.૬ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

## 3. સામાન્ય સુચનાઓ :-

૩.૧ અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં હવે પછીના ફકરાઓમાં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત ઓનલાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ સમગ્ર જાહેરાત પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૩.૨ ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પણ પ્રમાણપત્રો જોડવાના (અપલોડ કરવાના) નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતો મુજબ ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, દિવ્યાંગતા, માજી સૈનિક (લાગુ પડતુ હોય તો), માન્ય રમતગમત અંગેના (લાગુ પડતા હોય તો), વિધવા (જો હોય તો) તે અંગેના તેમજ અન્ય

લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે અન્યથા મંડળ /નિમણુંક સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી અથવા અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે. અરજીપત્રકમાં ઓનલાઇન ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર મંડળ દ્વારા ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ દાખલ (પ્રોવીઝનલ એડમીશન) કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે, જે પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ (માર્કશીટ) જાહેર થયા બાદ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

૩.૩ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં હવે પછીના ફકરામાં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓપ્ટીકલ માર્કસ રીડીંગ (ઓ.એમ.આર.) પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા રહેશે. આ હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન મંડળ દ્વારા કરવામાં આવશે. જે અંગેનો પરીક્ષા કાર્યક્રમ અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે. આ માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઇટ જોતા રહેવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

૩.૪ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની બધી જ સૂચનાઓ ઉમેદવારના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો. અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, મોબાઇલ નંબર જાળવી રાખવો અનિવાર્ય છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે અથવા અન્ય કોઇ પણ કારણોસર ઉમેદવારને એસ.એમ.એસ થી સુચના ન મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે અને આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણુંક મેળવવા ઇચ્છતો ન હોવાનું માનવામાં આવશે.

૩.૫ સ્પર્ધાત્મક પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ અંગેની કાર્યવાહી મંડળ દ્વારા કરવામાં આવશે જે અન્વયે પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં જે ઉમેદવારોનો સમાવેશ હશે, તેમને તેમના ઇમેઇલ ઉપર પ્રમાણપત્ર ચકાસણીની સુચનાઓ અને અન્ય સુચનાઓ આપવામાં આવશે. આ માટે અરજીમાં દર્શાવેલો ઇમેઇલ-આઇડી જાળવી રાખવા અને સમયાંતરે જોતા રહેવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

## ૪. પરીક્ષા ફી :-

૪.૧ ફોર્મ ભરતી વખતે " **General** " કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

૪.૨ નીચે મુજબની કેટેગરીના ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(૧) અનુસૂચિત જાતિ (**SC**)

(૨) અનુસૂચિત જન જાતિ (**ST**)

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (**SEBC**)

(૪) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવાર (**EWS**)

(5) માજી સૈનિક (**Ex-serviceman**) તમામ કેટેગરી

(૬) શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારો (**PwD**) તમામ કેટેગરી

૪.૩ સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી) ના ઉમેદવારે પરીક્ષા ફી ભરવાની રહે છે, આ માટે ઉમેદવાર ઓનલાઇન SBI e-pay ના માધ્યમથી પરીક્ષા ફી ભરી શકશે.

૪. ૪ <u>ઓનલાઇન SBI e-pay ના માધ્યમથી ફી ભરવાની પધ્ધતિ:-</u>

ઓનલાઇન ફી ભરવા માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર જઇ **"Online Payment of Fees"** ઉપર કલીક કરવુ. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં **Debit Card, UPI, Internet Banking, NEFT** તેમજ **Credit Card** વિગેરે માધ્યમ પૈકી કોઇ પણ એક માધ્યમ મારફતે ઓનલાઇન ફી ભરવાની રહેશે. ફી જમા થયા બાદ ફી જમા થઇ ગઇ છે તેવુ સ્ક્રિન ઉપર લખાયેલુ આવશે અને **E-Receipt** મળશે, જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

૪.૫ પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ આ જાહેરાતના પેરા-૧ માં દર્શાવ્યા મુજબની રહેશે.

૪.૬ પરીક્ષા ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

૪.૭ જનરલ કેટેગરીના ઉમેદવારોએ નિયત કરેલ સમયમર્યાદામાં પરીક્ષા ફી ભરેલ હશે, તો જ જે તે સમયે ઓનલાઇન કોલલેટર (હોલટિકીટ) /પરીક્ષા પ્રવેશપત્ર નીકળશે, જેની ખાસ નોધ લેવી.

૪.૮ સામાન્ય વર્ગના ઉમેદવારો પૈકી કોઇ ઉમેદવાર કોઇ પણ કારણસર નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી ઓનલાઇન મારફતે જમા ન કરાવી શકે તો આવા ઉમેદવારોએ <u>તા.૧૧-૦૬-૨૦૨૫ થી તા.૧૩-૦૬-૨૦૨૫</u> દરમ્યાન ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરીએ (કામકાજના દિવસો અને કચેરી સમય દરમ્યાન) રુબરુમાં **PROCESS FEE ₹ ૫૦૦/-** (અંકે રૂપિયા પાંચસો પુરા) રોકડેથી જમા કરાવશે તો તેમની અરજી ફી ગણીને તેમની અરજી માન્ય રાખવામાં આવશે અને આવા ઉમેદવારો નિયત સમયમર્યાદામાં કોલલેટર(પ્રવેશપત્ર) ડાઉનલોડ કરી શકશે .જેની નોધ લેવી. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે ઉમેદવારોની ઓનલાઇન અરજી કન્ફર્મ હોય પરંતુ પરીક્ષા ફી ભરી શકેલ ન હોય તેવા ઉમેદવારો જ **PROCESS FEE ₹ ૫૦૦/-**(અંકે રૂપિયા પાંચસો પુરા) ચુકવીને કોલલેટર (પ્રવેશપત્ર) ડાઉનલોડ કરવાની પરવાનગી મેળવી શકશે.જે ઉમેદવારે અરજી કરેલ નથી /કન્ફર્મ થયેલ નથી તેવા ઉમેદવારો આ વિકલ્પનો લાભ લઇ શકશે નહિ.તેમજ પ્રોસેસ ફી સ્વીકારવાનો સમયગાળો પૂર્ણ થઇ ગયા બાદ કોઇ પણ ઉમેદવારની પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહિ.

## ૫. <u>વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :</u>

૫.૧ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:- **KP/25 of 2025/PRHRDD/KRT/EFILE/2025/1589/KH, Dated:- 22-04-2025** થી આ સંવર્ગ માટે વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે, જે આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે.

| સંવર્ગ | શૈક્ષણિક લાયકાત | વયમર્યાદા |
|---|---|---|
| **Work Assistant, Class III,** | **(i) a diploma in Civil Engineering obtained from Technical Examination Board or any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other Educational Institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised by the Government:**<br>**Provided that the candidate holding bachelor's degree in Civil Engineering shall not be eligible to apply;**<br>**(ii) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and**<br>**(iii) adequate knowledge of Gujarati or Hindi or both.** | **not be more than 33 years of age:** |

૫.૨ ઉમેદવારે પ્રમાણપત્ર/દસ્તાવેજો ચકાસણી સમયે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના દરેક વર્ષ/સેમેસ્ટરના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રો અસલમાં રજુ કરવાના રહેશે.

૫.3 <u>માન્ય સંસ્થાના પ્રમાણપત્ર</u>

ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સબંધિત યુનિર્વસિટી/સંસ્થાની માન્યતા તેમજ સબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે મંડળ/નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૫.૪ <u>શૈક્ષણિક લાયકાત/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ **(cut off date) :-**</u>

જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં નિયત શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરી વધારાની લાયકાત માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી <u>તા.૧૦-૦૬-૨૦૨૫</u>ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૫.૫ <u>વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ **(cut off date):**</u>

જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી <u>તા.૧૦-૦૬-૨૦૨૫</u>ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૫.૬ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ,૧૯૯૮ (વખતો વખત સુધાર્યા મુજબ) માં દર્શાવેલ જોગવાઇઓ મુજબ ઉમેદવાર લાયકાત ધરાવતા હોવો જોઇશે અને તેમાં દર્શાવેલ અન્ય જોગવાઇઓ મુજબ દરેક ઉમેદવારે સક્ષમ અધિકારી માંગે ત્યારે તે અંગેના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

## ૬. <u>મહિલા ઉમેદવારો માટેઃ-</u>

૬.૧ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ (ભાગ-૧) ની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારો માટે અનામત ની જોગવાઇ લાગુ પડશે. મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઠરાવેલ મેરીટના ધોરણે વિચારણા થઇ શકે છે.

૬.૨ સબંધિત કેટેગરી માટેની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબધિત કેટેગરી (GENERAL,EWS, SC,ST,SEBC) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

૬.3 સામાન્ય વહીવટ વિભાગના તા.૨-૯-૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ થી નકકી કરવામાં આવેલ મહિલા અનામત જગ્યાઓ માટેની કાર્યપધ્ધતિ ધ્યાને લઇ મહિલા અનામતની જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

## ૭. <u>વિધવા ઉમેદવારો માટેઃ-</u>

૭.૧ કોઇ મહિલા ઉમેદવાર પોતે વિધવા હોય તો ઓનલાઇન અરજીપત્રકમાં સબંધિત કોલમમાં "હા" અવશ્ય દર્શાવવાનું રહેશે અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. તેમજ વિધવા હોવા અંગેના પ્રમાણપત્રોની વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે.

૭.૨ વિધવા ઉમેદવાર તરીકે પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂક સતાધિકારી/મંડળ સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી સમયે "પુનઃ લગ્ન કરેલ નથી" તેવી એફિડેવિટ અચુક રજુ કરવાની રહેશે. જો ઉમેદવાર આ પ્રમાણપત્ર/એફિડેવિટ રજુ નહીં કરે તો વિધવા ઉમેદવાર તરીકેના મળવાપાત્ર લાભ આપવામાં આવશે નહી. અલબત્ત, અન્ય રીતે યોગ્યતા ધરાવતા હશે તો મંડળ દ્વારા વિચારણા કરવામાં આવશે.

૭.3 વિધવા ઉમેદવારોને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ કુલ ગુણના પાંચ ટકા ગુણ વધારાના ગુણ તરીકે ઉમેરવામાં આવશે, જે પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

## ૮. <u>માજી સૈનિક (EX-Servicemen) ઉમેદવારો માટેઃ-</u>

૮.૧ ગુજરાત પંચાયત સર્વિસ (રીઝંવેશન ઓફ વેકન્સીસ ફોર એકસ સર્વિસમેન) રુલ્સ ૧૯૮૯ ની જોગવાઇઓ ધ્યાને લઇ લાયકાત ધરાવતા માજી સૈનિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

૮.૨ ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ. માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે નિયત નમુના મુજબનું અધિકૃત અધિકારીની સહીવાળું , સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર મંડળ સમક્ષ માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં કલીક કરેલ હોય અને ભવિષ્યમાં મંડળ દ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં

નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હકક દાવો ધ્યાને લેવામાં આવશે નહી. અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી /નિમણુંક રદ કરવામાં આવશે.

૮.૩ માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી GENERAL,EWS, SC,ST,SEBC સામે સરભર કરવામાં આવશે.

૮.૪ માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૮.૫ ઉમેદવારે પોતે સૈનિક તરીકે સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની હાલની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં, પરંતુ કોઇપણ સંજોગોમાં માજી સૈનિકની ઉંમર ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહી.

૮.૬ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ અને સેવામાં માજી સૈનિકો માટે ખાલી જગ્યાઓ અનામત રાખવા) બાબતના નિયમો-૨૦૦૫ તા.૨૭-૦૯-૨૦૦૫ માજી સૈનિક ઉમેદવારે નોકરીની નિર્દિષ્ટ મુદત પુર્ણ થયાના એક વર્ષ પહેલા ફરી નિમણૂંક માટે અરજી કરવાની પરવાનગી આપવામાં આવશે.

## ૯. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેઃ-

૯.૧ દિવ્યાંગ ઉમેદવારોની અનામત રાખેલ દિવ્યાંગતાની કેટેગરી (A,B,C,D&E)ની જગ્યાઓ સામે ભરતી કરવામાં આવશે અને ભરતી પ્રક્રિયાને અંતે પસંદગી પામેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (GENERAL, EWS,SEBC,SC,ST) સામે સરભર કરવામાં આવશે. દિવ્યાંગ ઉમેદવારો માટે આ જાહેરાતના પેરા- ૨.૩ માં દર્શાવ્યા મુજબની જગ્યાઓ અનામત છે. પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh,** તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન/ સ્પષ્ટતા મુજબ પ્રથમ ભરતી પ્રસંગ ગણવામાં આવશે.

૯.૨ સામાન્ય વહીવટ વિભાગના તા ૧૫/૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ /૭/ગ-૨ મુજબ શારીરીક અશકતતા (દિવ્યાંગતા) ૪૦ ટકા કે તેથી વધુ હોય તેમને જ શારીરીક અશકતતાના (દિવ્યાંગતા) લાભો મળવાપાત્ર રહેશે.

૯.૩ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭-૯-૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ-૨ થી દિવ્યાંગતાના ખંડ(કેટેગરી)નીચે મુજબ નકકી કરેલ છે તેમજ સદર ઠરાવની જોગવાઇ તેમજ વખતોવખત થયેલ સુધારા વધારા મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર થશે.

| |
|---|
| ખંડ (કેટેગરી) A =અંધત્વ અને ઓછી દ્રષ્ટિ, |
| ખંડ (કેટેગરી) B = બધિર અને ઓછું સાંભળનાર, |
| ખંડ (કેટેગરી) C=મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રકતપિતમાંથી સાજા |

| |
|---|
| થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ, |
| ખંડ (કેટેગરી) D=સ્વલીનતા (autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી, |
| ખંડ (કેટેગરી) E=બહેરાશ- અંધત્વ સહિતની ખંડ (A) થી (D) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યકિત. |

૯.૪ સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- PRHRDD/KRT/e-file/14/2024/2371/Section-Kh તા.09.07.2024થી શારીરિક અશકત(દિવ્યાંગ) ઉમેદવારો માટે દિવ્યાંગતાના પ્રકાર બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે, જે આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે.

*સંવર્ગઃ- વર્ક આસિસ્ટન્ટ વર્ગ-૩*

| ક્રમ | દિવ્યાંગતાની કેટેગરી | દિવ્યાંગતાનો પ્રકાર | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| **1** | **A** | **LV (40-70)%** | **18** |
| **2** | **B** | **D, HH** | **19** |
| **3** | **C** | **OL, CP, LC, Dw, AAV, SD, SI, BA*, BL*** | **11** |
| **4** | **D & E** | **ASD(M, MoD), ID, SLD, MI(40-70)%, MD(40-70)%** | **4** |

**Code of functional classification:**

**Low vision (LV) (40-70)%,**
**Deaf (D), Hard of hearing(HH),**
**One Leg(OL), Cerebral Palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim (AAV), Spine Deformity (SD), Spine Injury (SI), Both Arms(BA), Both Legs(BL)**
**[Autism Spectrum Disorder (ASD) M – Mild, MoD-Moderate], Intellectual disability (ID), Specific Learning Disability (SLD), Mental Illness (MI) (40-70)%,**
**[Multiple Disabilities (MD) :- (Disabilities included in group (A) to (D) (40-70)%]**

* પંચાયત વિભાગના પત્ર ક્રમાંકઃ- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh,** તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-**SJED/DIA/e-file/17/2023/1761/CHH-1** તા.૦૯-૦૬-૨૦૨૩થી બંને હાથ(**BA**) અથવા બંને પગ(**BL**) પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની મંજુરી આપવામાં આવે છે. BA તથા BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં સદર ઠરાવની જોગવાઇઓ લાગુ પડે છે.

(૧) પંચાયત વિભાગના પત્ર ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ(પા.ફા) તા.૧૮-૧૧-૨૦૨૧ ના પત્ર સાથે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦-૧૦-૨૦૨૧ ના પત્ર ક્રમાંકઃ-અપગ/ ૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪) થી જણાવ્યા મુજબ LV અને HH એકલા માન્ય રાખેલ હોય ત્યારે જ

ટકાવારી દર્શાવવી અને જયારે દ્રષ્ટિક્ષતિના બંને પ્રકાર LV અને Blind તેમજ શ્રવણક્ષતિના બંને પ્રકાર HH અને Deaf સાથે દર્શાવેલ હોય ત્યારે ટકાવારી દર્શાવવી નહી, તેમ જણાવેલ છે.

(૨) પંચાયત વિભાગના ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ (પા.ફા) તા.૧૦-૦૩-૨૦૨૫ થી **C** કેટેગરી (**Locomotor Disabilty)**માં Spinal Deformity (SD) અને Spinal Injury (SI) without any associated neurological/limb dysfunction નો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ Spinal Deformity(SD) and Spinal Injury(SI) with any associated neurological/limb dysfunction ના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઈને સંબંધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ થયેલો ગણવાનો રહેશે. દા.ત. એક પગ નિષ્ક્રિય હોય તો OL પ્રકારમાં સમાવેશ થયેલો ગણવાનો રહેશે.

૯.૫ શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત પેરા- ૯.૪ પૈકીની કઇ દિવ્યાંગતા અને દિવ્યાંગતાની કેટલી ટકાવારી છે તે ઓનલાઇન અરજીમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૯.૬ શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારોએ ઓનલાઇન અરજીમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા આપેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાનો રહેશે.

૯.૭ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ તેમજ સામાન્ય વહીવટ વિભાગના વખતોવખત થયેલા ઠરાવો/પરિપત્રો/હુકમોથી નિયત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચુક મોકલવાની રહેશે. જો દિવ્યાંગતા અંગેના પ્રમાણપત્રની નકલ મંડળને રજુ કરવામાં નહીં આવે તો તેવા ઉમેદવારોની ઉમેદવારી મંડળ દ્વારા "રદ" કરવામાં આવશે, તે બાબતની અન્ય કોઇ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.

૯.૮ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨ તા ૧૭-૯-૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે નકકી કરવામાં આવેલ અનામત જગ્યા માટે નિયત કટ ઓફ માર્કસને ધ્યાને લેતા સબંધિત દિવ્યાંગતાની સબ કેટેગરી માટેના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૯.૯ બેન્ચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યા ઉપર નિયત કરેલ સામાન્ય ધોરણોના આધારે દિવ્યાંગ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો દિવ્યાંગો માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યા ભરવા માટે પસંદગીના ધોરણો હળવા કરીને દિવ્યાંગ ઉમેદવારની પસંદગી મંડળ દ્વારા કરવામાં આવશે.

## ૧૦. અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવારો માટેની સામાન્ય જોગવાઇઓઃ-

૧૦.૧ મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

૧૦.૨ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

૧૦.૩ ઉમેદવારે અરજીપત્રકના સબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૧૦.૪ અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.ઉપરાંત મંડળ/નિમણુંક અધિકારી દ્વારા પ્રમાણપત્રની નકલ માંગણી થયેથી અચુક રજુ કરવાની રહેશે.

૧૦.૫ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ- પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪ તા ૨૩-૭-૨૦૦૪ તથા પરીપત્ર ક્રમાંકઃ-પવસ/૧૦૨૦૧૬/૨૮૨૪૪૭/ગ-૪ તા.૭-૫-૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ) ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પોતાની ગુણવત્તાના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પસંદગી પામેલ હોય એવા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને સામાન્ય કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે,પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને સબંધિત અનામત કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે.

૧૦.૬ ઉમેદવારે અરજીપત્રકમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમુનાનું પ્રમાણપત્ર રજુ નહી કરેલ હોય તો તેઓને અનામત વર્ગના ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહી.

## ૧૧. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટેઃ-

૧૧.૧ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું (નોનક્રિમિલેયર) નિયત નમુનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૧૦૯/૧૬૬૩/અથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજુ કરવાનુ રહેશે. ઉમેદવારે તા.૦૧-૦૪-૨૦૨૩ થી અરજી કરવાની છેલ્લી તા.૧૦-૦૬-૨૦૨૫ દરમ્યાન ઇશ્યુ થયેલ નોનક્રિમિલેયર પ્રમાણપત્ર મેળવેલ હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

૧૧.૨ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮-૦૮-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:- સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઇઓને ધ્યાને લેતા પરિશિષ્ટ-૪ સિવાયના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે તા.૦૧-૦૪-૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તા.૧૦-૦૬-૨૦૨૫ દરમ્યાનમાં મેળવેલ કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને નમુનાના પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજુ કરવાનુ રહેશે

૧૧.3 સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૧૧.૪ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ "ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર"ની મહત્તમ અવધિ(**Validity**) જે નાણાકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે, પરંતુ આવું પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવુ જોઇએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

૧૧.૫ ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે "ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર" ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ માંગણી થયેથી રજુ કરવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઇ ભુલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવી રજુ કરે તો તે માન્ય ગણાશે નહીં. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

૧૧.૬ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પરંતુ ઉકત માપદંડો પૈકી કોઇ પણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સબંધિત ઉમેદવારે તથા તેના માતા પિતા/વાલીએ સ્વયં સબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામા આવે તો ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહી કરીને કોઇ પણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેનો કોઇ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા પિતા/વાલીની વ્યકિતગત રીતે અને સંયુકત રીતે રહેશે.

## ૧૨. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો (EWS) માટેઃ-

૧૨.૧ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫-૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ- ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ

નમુના (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

૧૨.૨ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૯-૨૦૧૯ અને ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ તા.૨૬-૦૬-૨૦૨૦ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવારે તા.૧૧-૦૬-૨૦૨૨ થી અરજી કરવાની છેલ્લી તા.૧૦-૦૬-૨૦૨૫ દરમ્યાન ઇશ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પ્રમાણપત્ર મેળવેલ હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન ઉમેદવારના કુટુંબની આવકમાં ફેરફાર થાય તો ઉમેદવાર/વાલીએ તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી તથા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે. જો ઉમેદવાર અથવા વાલી ઇરાદાપૂર્વક વિગતો છુપાવશે તો કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેના અનામતના લાભ રદ થશે.

## નોંધ:-

જો કોઈ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરી (SC, ST, SEBC, EWS)માં અરજી કરે પરંતુ મંડળ દ્વારા માંગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજૂ કરી શકે નહીં તે સંજોગોમાં ઉમેદવાર સ્પર્ધાની તકથી વંચિત ના રહે તે હેતુથી અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઈ પણ છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ચકાસણીને આધિન નિયમોનુસાર ઉમેદવારને બિન અનામત ગણવામાં આવશે. પરંતુ કોઈ પણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામા આવશે નહીં.

## ૧૩. માન્ય રમતગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત-

૧૩.૧ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ ગર, તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ તથા તા.૧૮-૪-૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૯/યુઓ/૪૧૧૦/ગ-૨ તેમજ આ અંગેના વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઇ મુજબ નિયત કર્યા મુજબના સક્ષમ સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ રમતગમતના પ્રમાણપત્ર અસલમાં રજુ કરનાર ઉમેદવારને જ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ કુલ ગુણના પાંચ ટકા ગુણ વધારાના ગુણ તરીકે ઉમેરવામાં આવશે, જે પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

૧૩.૨ ઓનલાઇન અરજીપત્રકના કોલમમાં "YES" લખવા ઉપરાંત માન્ય રમતગમત અંગેના પ્રમાણપત્રોની વિગતો દર્શાવનાર ઉમેદવાર જ આ અંગેના વધારાના ગુણ મેળવવાને લાયક રહેશે, જે પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે. જો કોઇ ઉમેદવારે ઓનલાઇન અરજી વખતે આ અંગેની વિગતો નહી

દર્શાવેલ હોય તો પાછળથી રમતગમતના વધારાના ગુણ મેળવવા અંગેનો દાવો મંડળ દ્વારા માન્ય રખાશે નહી, જેની નોંધ લેવી.

## ૧૪. એક ઉમેદવાર એક અરજી (No multiple application):

૧૪.૧ એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી **(multiple application)** ના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય રહેશે, તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

૧૪.૨ એક કરતાં વધારે અરજી કરવામાં આવશે તો, તે પૈકી ફી ભરેલી છેલ્લી કન્ફર્મ અરજી માન્ય ગણવામાં આવશે.

૧૪.3 અનામત વર્ગના ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી કન્ફર્મ અરજી માન્ય ગણવામાં આવશે, અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

## ૧૫. નાગરિકત્વઃ-

૧૫.૧ ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૧૫.૨ ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા

(ઘ) મુળ ભારતની વ્યકિત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન,(મ્યાનમાર) શ્રીલંકા,કેન્યા,યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો ટાન્ઝાનિયાનો સંયુકત પ્રજા સત્તાક,(અગાઉ ટાન્ગાનિકા અને ઝાઝીબાર,)જામ્બીયા, મલાવી,ઝૈર, ઇથોપીયા અન વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય  પરંતુ (ખ)(ગ)(ઘ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યુ હોય તેવી વ્યકિત હોવા જોઇશે.

## ૧૬. ઉપલી વયમર્યાદામાં છુટછાટઃ-

૧૬.૧ મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના, ઉમેદવારો તથા તમામ મહિલા, શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છુટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો(૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ૩(ત્રણ) વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

૧૬.૨ માજી સૈનિક સહિત તમામ કેટેગરીના એટલે કે બિનઅનામત તથા અનામત વર્ગના મહિલા ઉમેદવાર, નિયમાનુસાર શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર અને અનામત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે <u>કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.</u>

૧૬.૩ જે તે અનામત કેટેગરી, મહિલા ઉમેદવાર,દિવ્યાંગ ઉમેદવાર તેમજ માજી સૈનિક ઉમેદવારોએ તેમની કેટેગરી અંગેની જોગવાઇ જે આ જાહેરાતમાં દર્શાવેલ છે તે જોગવાઇના આધીન તેમને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

## ૧૭. <u>ના-વાંધા પ્રમાણપત્રઃ</u>-

૧૭.૧ ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ મંડળની જાહેરાતના સંદર્ભમાં બારોબાર ઓનલાઇન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચુક કરવાની રહેશે.

૧૭.૨ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી સમયે આ પ્રકારના ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૧૯૮૯ ના પરીપત્ર ક્રમાંકઃ- એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૮. <u>કોમ્પ્યુટરની જાણકારી(જ્ઞાન):-</u>

૧૮.૧ રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ, ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન

અંગેના કોઇપણ ડિપ્લોમા/ ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ તા.૧૮-૩-૨૦૧૬થી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે.

## ૧૯. પગાર ધોરણઃ-

૧૯.૧ પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણુંક થયેથી, નાણાં વિભાગના તા.૨૯-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧, તથા ઠરાવ નં.ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા.૬-૧૦-૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા.૨૦-૧૦-૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧ તા.૨૦-૧૦-૨૦૧૫, ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭ /પાર્ટ-૨/ઝ-૧ તા.૧૮-૧-૨૦૧૭ તથા ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧ તા.૧૮-૧૦-૨૦૨૩ની જોગવાઇ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ₹ ૨૬૦૦૦/- પ્રતિમાસ ફિકસ પગારથી નિમણુંક અપાશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે.

૧૯.૨ પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક સત્તાધિકારી દ્વારા નાણા વિભાગનાં તા.૨૮-૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧, માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન તથા નામ. સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ એસ.એલ.પી નં.૧૪૧૨૪/૨૦૧૨ અને ૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહીને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણુંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ તથા પંચાયત વિભાગના પત્ર ક્રમાંકઃ- **PRHRDD/KRT/e-file/14/2025/1777/Section-Kh**, તા.૧૬-૦૫-૨૦૨૫થી મળેલ માર્ગદર્શન/સ્પષ્ટતા ધ્યાને લઈ સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૪ (૨૫૫૦૦-૮૧૧૦૦) ના પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

## ૨૦. અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત :-

૨૦.૧ આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતના પેરા-૧ માં દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે.

૨૦.૨ ઉમેદવારે અરજી કરવા માટે-

(1) સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું. ત્યારબાદ "Current Advertisement" માં "View All" કલીક કરવાથી "Select Advertisement by Department" માં **GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD (GPSSB) SELECT** કરવું

(2) "વર્ક આસીસ્ટન્ટ" ની જાહેરાત ક્રમાંકઃ 17/2025-26 ઉપર **click** કરવાથી **screen** ઉપર **"Apply"** અને **"Details"** ના ઓપ્શન જોવા મળશે. **"Details"** ઉપર **click** કરવાથી

વિગતવાર જાહેરાત જોવા મળશે. જે ધ્યાનથી વાંચી જવી.આ જાહેરાતને ભવિષ્યના હેતુ માટે ડાઉનલોડ કરી "SAVE" કરી રાખવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

(3) હવે **"Apply"** પર **click** કરવાથી બે રીતે ઓનલાઇન અરજી કરી શકાશેઃ-

(અ) **Apply With OTR – One Time Registration**

ઓજસ પ્લેટફોર્મ ઉપરનો તમારો **ONE TIME REGISTRATION NUMBER (OTR)** અને જન્મતારીખ એન્ટર કરી **Apply With OTR** કરવાથી તમે રજીસ્ટ્રેશન(**OTR**) વખતે આપેલી વિગતો (**Photograph** અને **Signature** સહિત) અરજીફોર્મમાં આપ મેળે આવી જશે જે વિગતો ધ્યાનથી જોઇ લેવી. જેથી તમે અરજીફોર્મ ઝડપથી ભરી શકશો. ત્યારબાદ ઓનલાઇન અરજી **''Confirm''** કરવાથી ઉમેદવારની અરજીનો **online** સ્વીકાર થઈ જશે. જેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(બ) **Skip કરીને બધી વિગતો ભરીને ઓનલાઇન અરજી થઇ શકશે.**

આ રીતે અરજી કરવા માટે ઉમેદવારે પોતાનું નામ, જન્મતારીખ વિગેરે પર્સનલ ડીટેલ્સ ભરવાની રહેશે. અને અરજી ફોર્મમાં માંગવામાં આવેલી તમામ વિગતો જેવી કે **Communication Details ,Other Details, Language Details, Disability Details, Educational Details**(શૈક્ષણિક લાયકાત) વિગેરેની વિગતો ભરવાની રહેશે.

ત્યારબાદ પોતાનો ફોટોગ્રાફ **(upto 15 kb)** અને સહી **(upto 15 kb)** ઉમેદવારે અપલોડ કરવાના રહેશે. જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ/નિમણૂંક સત્તાધિકારી માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(4) ત્યારબાદ ફોર્મમાં આપેલ બાંહેધરી **"Declaration"** વાંચીને શરતો માન્ય હોય તો Yes ઉપર કલીક કરવું અને અરજી ત્યારબાદ Save કરવી.અરજી SAVE કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(5) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** પર **click** કરો અને **"Application number"** તથા **"Birth Date" type** કર્યા બાદ **Ok** પર **click** કરવાથી ત્રણ બટન **(૧) ok (૨) show application preview** અને **(૩) confirm application** દેખાશે. ઉમેદવારે **show application preview** પર **click** કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **edit** કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **click** કરવું. ઓનલાઇન અરજી **''Confirm''** કરવાથી ઉમેદવારની અરજીનો **online** સ્વીકાર થઈ જશે.

(6) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, દિવ્યાંગતાનો પ્રકાર અને ટકાવારી, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ અસલ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ ધરાવતા ઉમેદવારોની ઉમેદવારી મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી/ઉમેદવારી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. આ બાબતે ઓનલાઇન અરજીમાં દર્શાવેલી વિગતોમાં સુધારા વધારા કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(7) અરજીને કન્ફર્મ કરતાં **"confirmation number" generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ જાતનો પત્રવ્યવહાર કરી શકાશે નહીં. ઉમેદવારે Confirm થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી તેને સાચવી રાખવી, અને માંગણી કરવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(8) **print application** પર **click** કરીને **confirmation number** ટાઈપ કરવો અને **print** પર **click** કરી અરજીની પ્રિન્ટ કાઢી શકાશે.

(9) સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી)ના તમામ ઉમેદવારે તેમની ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ ફકરા- ૦૪ માં આપેલ સુચનાઓ અનુસાર એસ.બી.આઇ e-pay મારફતે ઓનલાઇન પધ્ધતિ મુજબ પરીક્ષા ફી ₹૧૦૦/- તથા સર્વિસ ચાર્જ ભરવાના રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ નિયત સમયમર્યાદામાં ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની અરજી આપો આપ "રદ" ગણાશે.

## ૨૧. લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગી પ્રક્રિયા :-

૨૧.૧ ઓનલાઇન અરજીપત્રકમાં ઉમેદવારે ભરેલ વિગતોની કોઇ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી મંડળ દ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ ઓજસની વેબસાઇટ **https://ojas.gujarat.gov.in** મારફત online કોલલેટર (હોલટિકીટ) (પ્રવેશપત્ર) ઇસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને પરીક્ષા

કેન્દ્રની જાણ કરવામાં આવશે. જે માટે મંડળ દ્વારા કામચલાઉ ધોરણે દાખલ કરેલ ઉમેદવારોને **OJAS** ની નિયત વેબસાઇટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર (હોલટિકીટ)**online download** કરવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તેઓના મોબાઇલ નંબર ઉપર **"SMS"** મોકલીને અને અગ્રગણ્ય અખબારોમાં ટૂંકી જાહેરાત આપીને તેમજ વેબસાઇટ ઉપર જાહેરાત મૂકીને જાણ કરવામાં આવશે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરના કોઇ ટેકનીકલ પ્રોબલેમને કારણે અથવા અન્ય કોઇ કારણોસર મોબાઇલ સેવા નેટવર્ક ખોરવાઇ જવાના સંજોગોમાં **SMS** ઉમેદવારને ન મળે તો તેની જવાબદારી મંડળની રહેશે નહિ. જેથી અરજી કરનાર ઉમેદવારોને કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવા માટે **OJAS** ની વેબસાઇટ https://ojas.gujarat.gov.in ની સમયાંતરે મુલાકાત લેવા તેમજ વર્તમાનપત્રોમાં કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવાની મંડળની જાહેરાત તથા મંડળની વેબસાઇટ જોતા રહેવા સલાહ આપવામાં આવે છે.

૨૧.૨ કોઇ પણ સંજોગોમાં કોલલેટર (હોલટિકીટ) સિવાય ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે નહિ, જેની દરેક ઉમેદવારોએ નોધ લેવી. જેથી ઉમેદવારોએ ઓનલાઇન ડાઉનલોડ કરેલ કોલલેટર (હોલટિકીટ)ની પ્રિન્ટ નકલ પરીક્ષા આપવા જતી વખતે સાથે રાખવો ફરજીયાત છે. વખતોવખતની માહિતી માટે મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in જોતાં રહેવું.

૨૧.૩ સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ગુજરાત સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦૨૦૧૪/૧૦૬/ખથી પ્રસિધ્ધ થયેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા)નિયમો ૨૦૨૧ તથા તા.૧૫-૦૫-૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ **KP/28 of 2025/PRHRDD/KRT/E-FILE/14/2023/0347/KH** થી બહાર પાડેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૨૫ ની જોગવાઇ મુજબ <u>ફકત -૧ (એક) લેખિત પ્રશ્નપત્ર(હેતુલક્ષી)</u> નીચે મુજબ રહેશે:-

| Cadre Name | Syllabus | Marks | Exam Medium | Duration |
|---|---|---|---|---|
| **Work Assistant** | **1. General Awareness and General Knowledge *** | **35** | **Gujarati** | **Three Hour** |
| | **2. Gujarati Grammar** | **20** | **Gujarati** | |
| | **3. English Language and Grammar** | **20** | **English** | |
| | **4. General Mathematics, Reasoning & Data Interpretation** | **25** | **Gujarati** | |
| | **5. Questions assessing the requisite knowledge for the job and technical knowledge with regard to the educational qualification** | **100** | **Gujarati** | |
| | **Total** | **200** | | |

* **"General Awareness and General Knowledge" include questions related to –**

1. General Mental Ability and General Intelligence.
2. History of India and History of Gujarat.
3. Cultural heritage of India and Gujarat.
4. Geography of India and Geography of Gujarat
5. Sports.
6. Indian Polity and the Constitution of India.

7. Panchayati Raj.
8. Welfare schemes of Gujarat State and Union Government.
9. Indian Economy and Planning.
10. General Science, Environment and Information & Communication Technology.
11. Current affairs of Regional, National and International Importance.

NOTE: The question papers shall be of objective type MCQs(multiple choice questions).

૨૧.૪ આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપર દર્શાવ્યા મુજબના વિષયોને આવરી લેતા હેતુલક્ષી પ્રશ્નોનું ઉત્તરપત્ર ઓ.એમ.આર. (ઓપ્ટીકલ માર્કસ રીડીંગ) પધ્ધતિ સ્વરુપનું રહેશે.

૨૧.૫ ઓ.એમ.આર માં ઉમેદવારે દર્શાવેલ પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ (-0.33)( માઇનસ ઝીરો પોઇન્ટ તેત્રીસ ) ગુણ કાપવામાં આવશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.33)( માઇનસ ઝીરો પોઇન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iii) એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.33)( માઇનસ ઝીરો પોઇન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ["Not Attempted"] રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને " Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી. આમ ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i),(ii),(iii) મુજબ બાદ(માઇનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

૨૧.૬ મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ નિયત થયેથી મંડળ દ્વારા નિયત થનાર પરીક્ષા સ્થળોએ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખ, સમયમાં અનિવાર્ય સંજોગોને કારણે મંડળ ફેરફાર કરી શકશે. ઉમેદવારોને આ અંગેની જાણ વેબસાઇટ ઉપર અને અગ્રગણ્ય અખબારોમાં જાહેરાત પ્રસિધ્ધ કરીને જાણ કરવામાં આવશે. પરીક્ષા માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની જાણ ઉમેદવારોને તેમણે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસથી કરવામાં આવશે.તેમજ આ અંગેની ટુંકી જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.ત્યારબાદ ઉમેદવારોએ કોમ્પ્યુટર ઉપર **OJAS** ની વેબસાઇટ ઉપરથી નિયત સમયમર્યાદામાં **online** કોલલેટર (હોલટિકીટ)**download** કરી લેવાના રહેશે.

૨૧.૭ સ્પર્ધાત્મક પરીક્ષા પૂર્ણ થયા બાદ મંડળ દ્વારા પ્રશ્નપત્રના સુચિત જવાબો દર્શાવતી પ્રોવીઝનલ આન્સર કી પ્રસિધ્ધ કરવામાં આવશે. તે પરત્વે ઉમેદવારોના વાંધા સૂચન મેળવ્યા બાદ ફાઇનલ આન્સર કી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવશે અને તેના આધારે રીઝલ્ટ પ્રોસેસીગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૧.૮ જો એક કરતા વધુ ઉમેદવારોએ એક સરખા ગુણ મેળવેલ હોય તો, તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતા ઉમેદવારને મેરીટ ક્રમમાં અગ્રતાક્રમ આપવામાં આવશે અને જો કોઇ ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બંને સરખા હોય તો શૈક્ષણિક લાયકાતની મેરીટ મુજબ મેરીટમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.

૨૧.૯ મંડળ દ્વારા સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦૨૦૧૪/૧૦૬/ખ થી પ્રસિધ્ધ થયેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા)નિયમો ૨૦૨૧ તથા તા.૧૫-૦૫-૨૦૨૫ જાહેરનામા ક્રમાંકઃ **KP/28 of 2025/PRHRDD/KRT/E-FILE/14/2023/0347/KH** થી બહાર પાડેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૨૫, જે તે સંવર્ગના ભરતી નિયમો તેમજ વિવિધ અનામત કેટેગરીને લગતા ઠરાવો તેમજ વિધવા તેમજ માન્ય રમતગમતના માન્ય પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણને લગતી જોગવાઇઓ, ઓનલાઇન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ, ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે પ્રોવીઝનલ રીઝલ્ટ અને તેની સાથે જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઇઝ મેરીટ ક્રમાનુસાર આ સંવર્ગનું "પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ" તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સ્થાન પામેલ ઉમેદવારોને સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦૨૦૧૪/૧૦૬/ખ થી પ્રસિધ્ધ થયેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા)નિયમો ૨૦૨૧ તથા તા.૧૫-૦૫-૨૦૨૫ જાહેરનામા ક્રમાંકઃ **KP/28 of 2025/PRHRDD/KRT/E-FILE/14/2023/0347/KH** થી બહાર પાડેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૨૫ની જોગવાઇઓ મુજબ "અસલ પ્રમાણપત્ર ચકાસણી" માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે પ્રમાણપત્ર ચકાસણીમાં ગેરહાજર રહેલ ઉમેદવારો તેમજ જાહેરાત મુજબ નિયત લાયકાત ધરાવતા ન હોય તેવા તમામ ઉમેદવારોને ગેરલાયક **(Disqualified)** ઠરાવવામાં આવશે અને નિમણૂક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે અને આવી આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને તા.૨૨-૭-૨૦૨૧ ના જાહેરનામાના નિયમ-૧૪ ની જોગવાઈ અન્વયે મંડળ સમક્ષ રૂબરૂ બોલાવીને ઉમેદવારને ઉમેદવારની સીલેકશન કેટેગરી પ્રમાણે રૂબરૂમાં (ઓનસ્ક્રીન) જિલ્લા ફાળવણી જે તે સિલેકશન કેટેગરીની ખાલી જગ્યા ઉપર મેરીટ ક્રમ આધારે કરીને, વિગતવાર નિમણૂંક માટે ભલામણ મંડળ દ્વારા નિયત શરતોને આધીન કરવામાં આવશે. મંડળ દ્વારા રૂબરૂ ઓનસ્ક્રિન જિલ્લા ફાળવણીમાં મળેલ જિલ્લામાં કોઈ ફેરફાર થઈ શકશે નહી તથા અરસપરસ બદલીની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

૨૧.૧૦ આ જાહેરાત અન્વયે સરકારશ્રીના પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦/૨૦૧૪/૧૦૬/ખ તા.૨૨-૭-૨૦૨૧ થી બહાર પાડવામાં આવેલ ગુજરાત પંચાયત સર્વીસ (કલાસ ૩) રીક્રુટમેન્ટ (એકઝામીનેશન) રુલ્સ, ૨૦૨૧ના નિયમ-૧૪ અન્વયે જરુરીયાત ઉપસ્થિત થયેથી જે તે કેટેગરીની પ્રતિક્ષાયાદી અને ભલામણ યાદી જાહેર અને પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રથમ પસંદગી યાદીની જે તે કેટેગરીની ખાલી પડેલ જગ્યાઓ ઉપર પ્રથમ ઉંચા મેરીટ ધરાવતા પસંદગી યાદીમાં સમાવિષ્ટ જે તે કેટેગરીના ઉમેદવારોને કે જેઓ જે તે જિલ્લામાં પ્રથમ પસંદગી યાદી અન્વયે નિમણુંક મેળવીને ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને ઓનસ્કીન પુનઃ જિલ્લા ગોઠવણી (રીસફલીંગ) ની પ્રથમ તક આપ્યા બાદ ખાલી રહેતી જે તે કેટેગરીની જગ્યા ઉપર પ્રતિક્ષાયાદી અને ભલામણ યાદીમાં સમાવિષ્ટ જે તે કેટેગરીના ઉમેદવારોને તેમની સીલેકશન

કેટેગરી પ્રમાણે ઓનસ્ક્રીન જિલ્લા પસંદગીની તક રૂબરૂમાં આપીને જે તે કેટેગરીની ખાલી પડેલ જગ્યા ઉપર જિલ્લા ફાળવણી કરવામાં આવશે.

## ૨૨. <u>લઘુતમ લાયકી ધોરણ (Minimum Qualifying Standard)</u>:-

ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો ૨૦૨૧ ની જોગવાઇને આધીન રહીને મંડળ દ્વારા સબંધિત કેટેગરીમાં લઘુતમ લાયકી ધોરણ **(Minimum Qualifying Standard)** નકકી કરવામાં આવશે.

## ૨૩. <u>અન્ય અગત્યની શરતો</u> :-

૨૩.૧ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જેન્ડર, જાતિ (કેટેગરી-**EWS,SC,ST,SEBC**), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક અશકતતા, અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ મંડળ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર અથવા તેમાં વિસંગતતા જણાયેથી ઉમેદવારનું અરજીપત્રક જે - તે તબકકેથી "રદ" કરવાપાત્ર થશે અને તેવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/નિમણુંક "રદ" કરવામાં આવશે.

૨૩.૨ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમા ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચુક બાબતે સુધારો કરવાની રજુઆત/વિનંતી ગ્રાહય રાખવામાં આવશે નહિ.

૨૩.૩ ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે આ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા કરાર આધારીત નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ નિયત કરારના સમયગાળા દરમ્યાન સરકારશ્રીના તે અંગેના પ્રવર્તમાન નિયમાનુસાર પાસ કરવાની રહેશે.

૨૩.૪ ઉમેદવાર પોતે આ સંવર્ગની પ્રોવીઝનલ મેરીટ યાદી/પસંદગીયાદી/ભલામણયાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા માટે તે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો –૧૯૯૮ અને જે તે સંવર્ગની ભરતી અંગેના પ્રવર્તમાન નિયમોથી ઠરાવેલ નિયમાનુસાર ઉમેદવાર યોગ્ય જણાતા નથી, તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેમની નિમણૂંક 'રદ' કરીને પડતા મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૨૩.૫ આ ભરતી પ્રક્રિયા આ સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને પરીક્ષા નિયમોને તેમજ આ બાબતના સરકારશ્રીના કાયદા અને નિયમોની જોગવાઇને સંપૂર્ણપણે આધિન રહેશે.

૨૩.૬ આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે

નહી.તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી રદ થયેલી ગણાશે અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

૨૩.૭ આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

૨૩.૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય,

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય,

(૩) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય,

(૪) અરજી ફેકસ થી, ઇ-મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય,

(૫) શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવાર તેઓની દિવ્યાંગતાની કેટેગરી અંગેનુ નિયત પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

૨૩.૯ અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યા આવા ઉમેદવારો સામાન્ય વર્ગની જગ્યા માટે અરજી કરેલ હોવાનું ગણાશે અને તેને સામાન્ય વર્ગના વયમર્યાદાને લગતા ધોરણો લાગુ પડશે.પરંતુ તેઓએ પરીક્ષા ફી ભરવાની રહેશે નહી.

૨૩.૧૦ ઉમેદવાર અરજીપત્રકમાં તાજેતરનો ફોટો **upload** કરે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

૨૩.૧૧ ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે તે નંબર ઉમેદવારે ચાલુ જ રાખવો જરૂરી છે. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર **SMS** થી મોકલવામાં આવશે તેથી અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી. જો ઉમેદવાર પોતે મોબાઇલ નંબર બદલશે અને તેવા સંજોગોમાં મંડળની સુચનાની જાણ ઉમેદવારને થશે નહી, તેવા સંજોગોમાં સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની પોતાની જ રહેશે.

૨૩.૧૨ મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.

## ૨૪ ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરુધ્ધ પગલાઃ-

૨૪.૧ મંડળ જે કોઈ ઉમેદવારને-

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનું નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,
8. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
9. **OMR** ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
10. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, અથવા
11. પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, અથવા
12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા
13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય
14. પરીક્ષા ખંડમાં મોબાઇલ/બ્લુટુથ કે અન્ય ઇલેકટ્રોનીકસ ગેઝેટ સાથે હાજર રહે તેમજ ગેરરીતી કરવા પ્રયાસ માટે

તો ઉપરોકત ૧ થી ૧૪ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળે, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટમુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

૨૪.૨ ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ થવાને પાત્ર બનશે.

૨૪.3 ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means)Act, 2023 અધિનિયમ માર્ચ-૨૦૨૩ થી

અમલી કરેલ છે. સરકાર દ્વારા ઉકત અધિનિયમમાં “Examination Authority” તરીકે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કરેલ છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉકત જાહેરાતની સ્પર્ધાત્મક પરીક્ષામાં જો કોઇ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means)Act, 2023 ની જોગવાઇઓનો ભંગ કરતો જણાઇ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૪.૪ ઉમેદવારને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહિ, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇ પણ ચેડા કરવા નહી અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.

## ૨૫. ફેરફાર કે રદ કરવાની મંડળની સત્તાઃ-

આ જાહેરાત તેમજ જાહેરાતમાં દર્શાવેલ જોગવાઇઓમાં કોઇ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળનો સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને મંડળ તે માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

સચિવ

“મંડળના આદેશાનુસાર” ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

તારીખઃ-૧૬-૦૫-૨૦૨૫ ગાંધીનગર

**ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના**

પંચાયત સેવાની ઉપરોકત સંવર્ગની સીધી ભરતી માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે,તેમજ મંડળ ના પદાધિકારી/અધિકારી/કર્મચારીને નામે જો કોઇ ઇસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણા ઉઘરાવતા હોય તો તેવા ઇસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઇ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રુશ્વત બ્યુરોનાં ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪ અથવા ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક:.૧૭/૨૦૨૫-૨૬ વર્ક આસીસ્ટન્ટ જગ્યાનું ચેકલીસ્ટ

આ જગ્યા માટેની વયમર્યાદા તા.૧૦-૦૬-૨૦૨૫ની સ્થિતિએ:-૧૮ વર્ષથી ઓછી અને 33 વર્ષથી વધુ હોવી જોઇએ નહી.

| ક્રમ | ઉમેદવારની જાતિ(કેટેગરી) | નીચેની તારીખો દરમ્યાન (બન્ને તારીખો સહીત) જન્મેલા હોવા જોઇએ. (મહત્તમ વયમર્યાદા-૪૫ વર્ષ) |
|---|---|---|
| ૧. | સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી) (પુરૂષ ઉમેદવાર) | ૧૦/૦૬/૧૯૯૨ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૨. | અનામત વર્ગ (SC/ST/SEBC/EWS)ના પુરૂષ ઉમેદવારો (૫ વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૭ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૩. | સામાન્ય વર્ગની મહિલાઓ (૫ વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૭ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૪. | અનામત વર્ગ(SC/ST/SEBC/EWS) ની મહિલાઓ (૫+૫= ૧૦વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૨ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૫. | ૪૦% કે તેથી વધુ અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા સામાન્ય વર્ગના પુરૂષ ઉમેદવારો (૧૦ વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૨ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૬. | ૪૦% કે તેથી વધુ અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારો(૧૦+૫=૧૫વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૦ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૭. | ૪૦% કે તેથી વધુ અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા અનામત વર્ગના પુરૂષ ઉમેદવારો (૧૦+૫=૧૫વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૦ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૮. | ૪૦% કે તેથી વધુ અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા અનામત કેટેગરીના મહિલા ઉમેદવારો (૧૦+૫+૫=૨૦ વર્ષ) | ૧૦/૦૬/૧૯૮૦ થી ૧૦/૦૬/૨૦૦૭ |
| ૯. | માજી સૈનિકઃ-<br>સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨-૭-૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ-૧૦૮૧/જીઓઆઇ/૫૮/ ગ-૨, અને તા.૨૦-૨-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/ ૧૦૨૦૦૦/ યુ.ઓ./૯૫૭/ગ-૨. | આ સંવર્ગની ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે જે ઉમેદવારે માજી સૈનિક તરીકે સશસ્ત્ર દળોમાં છ મહિનાની સળંગ સેવા કરતા ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે માજી સૈનિકને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ(૩) વર્ષ સુધીની છુટછાટ મળશે. (વધુમાં વધુ ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષ રહેશે.) |

નોંધ:- ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષથી વધવી જોઇએ નહિં. માજી સૈનિક માટે પણ છૂટછાટ સાથેની મહતમ ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષ રહેશે.